# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
NAAC Accredited with Grade 'A' (CGPA 3.25) (23-01-2017 to 22-01-2022)
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807


## પરિપત્ર

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્નાતક તથા ડિપ્લોમાના ઓનલાઇન પ્રવેશ ફોર્મ તારીખ : ૧૫/૦૫/૨૦૧૮થી શરૂ થયેલ છે. જેમાં અત્યાર સુધી ૯૬૦૪ પ્રવેશ ફોર્મ ભરાયેલ છે. જેમાંથી બી.એસસી. અભ્યાસક્રમ માટે ૫૯૩૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. તથા બાકીના વિદ્યાર્થીઓએ અન્ય અભ્યાસક્રમોમાં રજીસ્ટ્રેશન કરાવેલ છે.

બી.એસસી. અભ્યાસક્રમ માટે પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૫/૨૦૧૮ સુધી છે તથા ભરાયેલ ફોર્મ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ખાતે તારીખ : ૦૧/૦૬/૨૦૧૮ સાંજના ૪.૦૦ કલાક સુધી અસલ દસ્તાવેજો સાથે Verify કરાવી શકાશે, ત્યારબાદ Verify કરાવી શકાશે નહીં. Verify નહી કરાવેલ પ્રવેશ ફોર્મનો મેરીટમાં સમાવેશ કરવામાં આવશે નહીં. બી.એસસી. અભ્યાસક્રમ માટેનું મેરીટ લીસ્ટ તારીખ : ૦૭/૦૬/૨૦૧૮ના રોજ યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે. બીએસ.સી. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા તારીખ : ૧૧/૦૬/૨૦૧૮થી તારીખ : ૧૫/૦૬/૨૦૧૮ દરમ્યાન થનાર હોઇ લાગુ પડતી તારીખે જે તે કોલેજ ખાતે વિદ્યાર્થીએ હાજર રહેવાનું રહેશે.

વધુમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ : ૩૧/૦૫/૨૦૧૮ના રોજ જાહેર થનાર સામાન્ય પ્રવાહના પરિણામને ધ્યાને રાખી સામાન્ય પ્રવાહ માટેના ઓનલાઇન પ્રવેશ ફોર્મ તારીખ : ૦૪/૦૬/૨૦૧૮થી તારીખ : ૧૧/૦૬/૨૦૧૮ સુધી યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu/students_corner/admissions પર ભરી શકાશે અને તારીખ : ૧૨/૦૬/૨૦૧૮ સાંજના ૪.૦૦ કલાક સુધી અસલ દસ્તાવેજો સાથે Verify કરાવી શકાશે. બી.એસસી. અભ્યાસક્રમ સિવાયના અભ્યાસક્રમો માટેનું મેરીટ લીસ્ટ તારીખ : ૧૫/૦૬/૨૦૧૮ના રોજ યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા તારીખ : ૧૮/૦૬/૨૦૧૮થી તારીખ : ૨૨/૦૬/૨૦૧૮ દરમ્યાન થનાર હોઇ લાગુ પડતી તારીખે જે તે કોલેજ ખાતે હાજર રહેવાનું રહેશે.

વિદ્યાર્થીએ મેરીટ મુજબ જે કોલેજમાં પ્રવેશ મળતો હોય તેમાંથી પોતાની પસંદગી મુજબની કોલેજમાં પ્રવેશની તારીખો દરમ્યાન પોતે અથવાતો પોતાના પ્રતિનિધિને હેલ્પ સેન્ટર દ્વારા પ્રમાણીત કરેલ પ્રવેશ ફોર્મ સાથે રૂબરૂમાં હાજર રહીને પ્રવેશ મેળવવાનો રહેશે.

મદદનીશ કુલસચિવ

નંબર : ડી/ઇ/૧૦/ ૧૧૮૭(૧)
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૯/૦૫/૨૦૧૮

પ્રતિ,
૧) વડાશ્રી, સર્વે અનુસ્નાતક વિભાગો, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
૨) આચાર્યશ્રીઓ/ડાયરેક્ટરશ્રી, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા પીએચ.ડી. ચલાવતી સંસ્થાઓ તરફ

Scanned by CamScanner